જન્મદિને વધામણી

છાયાબેન સ્નેહલ શાહ
કારોબારી સભ્ય
જૈન સોશિયલ ગ્રૂપ

પ્રો. રેશ્મા શાહ
પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર
મહાત્મા મંદિર
મો. ૯૯૦૯૦ ૩૧૦૦૩

જતીનકુમાર રમેશચંદ્ર ઓઝા
નાયબ કાર્યપાલક ઈજનેર
દાંડી કુટિર
મો. ૯૪૨૬૪ ૬૪૬૧૦

ઍસ જી પ્રાથમિક શાળાનો ફૂડ એડલ્ટ્રેશન પ્રૉજેક્ટ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની સરકારી તેમજ ખાનગી શાળાઓનું વિજ્ઞાન-ગણિત વિષયનું પ્રદર્શન તાજેતરમાં યોજવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરની ઍસ જી ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલની ખુશાલી વૈદ્ય અને હેલી પટેલે હેલ્થ વિભાગના વિવિધ પ્રૉજેક્ટમાં 'ફૂટ એડલ્ટ્રેશન' રજૂ કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

ઍસ જી ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૮માં અભ્યાસ કરતી ખુશાલી વૈદ્ય અને હેલી પટેલે ખાદ્ય પદાર્થમાં થતા વિવિધ મિશ્રણોને તપાસતો 'ફૂડ એડલ્ટ્રેશન' નામનો પ્રૉજેક્ટ રજૂ કર્યો હતો. જે તાલુકા કક્ષાના ગણિત-વિજ્ઞાન મેળામાં હેલ્થ વિભાગમાં પ્રથમ ક્રમે વિજેતા બન્યાં હતાં. શાળાના શિક્ષક સુહાસ ચૌધરીએ વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાનાં આચાર્યાએ પણ વિજેતા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરના નટવર હેડાઉ રાષ્ટ્રીય બાળ સાહિત્યકાર સંમેલનમાં

ગાંધીનગર, તા. ૬

રાષ્ટ્રીય બાળ સાહિત્યકાર સંમેલન ૨૦૧૫ તાજેતરમાં સલુમ્બર, રાજસ્થાન ખાતે યોજાયું હતું જેના અધ્યક્ષસ્થાને ગાંધીનગરના બાળ સાહિત્યકાર નટવર હેડાઉએ 'આજના હાઇટેક યુગમાં બાળક માટે કેવું સાહિત્ય આવશ્યક છે' તે અંગે વિસ્તૃત ચર્ચા કરતાં દેશની અન્ય ભાષાઓમાં રચાતા બાળસાહિત્ય અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

યુગધારા ઉદયપુરના સંસ્થાપક ડૉ. જયપ્રકાશ પંડ્યાની ઉપસ્થિતિમાં ઉદયપુરના સાંસદ અર્જુનલાલ મીણાના મુખ્ય અતિથિપદે આયોજિત આ સંમેલનમાં આંતરરાષ્ટ્રીય પુરસ્કારપ્રાપ્ત ઉડીસાના સાહિત્યકાર દિનેશ માલીએ બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે 'સલિલા પ્રવાહ' સ્મરણિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ડૉ. વિમલા ભંડારી કૃત 'કારગીલ કી ઘાટી' કિશોર નવલકથા અને ડૉ. વિમલા ભંડારી કી રચનાધર્મિતા લેખક દિનેશ માળી દ્વારા લખાયેલ લઘુશોધ નિબંધ ઉપરાંત 'ગંગુ કી ગર્મી' ગોવિંદ શર્મા તેમજ અન્ય છ પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કિશોર શ્રીવાસ્તવ દ્વારા 'ખરી ખરી' જન ચેતના કાર્ટુન પ્રદર્શન, બાળકોની કાર્યશાળાના હસ્તલિખિત અંકો તેમજ હિન્દી, રાજસ્થાની ભાષામાં લખાયેલાં પુસ્તકો અને સામયિકોના પ્રદર્શનનું ઉદ્ઘાટન સલુમ્બર નગરપાલિકાના અધ્યક્ષા કમલા ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉપરાંત વાર્તા, કવિતા, બાળ કથા, બાળકવિતા માટે હિન્દી અને રાજસ્થાની ભાષા માટેના સ્વતંત્રતાસેનાની ઓમકાર શાસ્ત્રી સ્મૃતિ પુરસ્કાર, સલિલા વિશિષ્ટ સાહિત્યકાર સન્માન અને સલિલા સાહિત્યરત્ન સન્માન-૨૦૧૫ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા કવિઓ દ્વારા કાવ્યપઠન કરવામાં આવ્યું હતું. 'યુગ યુગીન સલુમ્બર' 'જીવન બાંસુરી કી ધૂન પર' વૃત્તચિત્રોનું લોકાર્પણ અને પ્રદર્શન સાહિત્યકારોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન અને સંચાલન સલિલા પરિવારના સભ્યો દ્વારા અધ્યક્ષ ડૉ. વિમલા ભંડારી અને જગદીશ ભંડારીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

શહેરના ઈતિહાસથી પરિચિત કરવા સારુ સાહિત્યકારોને આ પ્રસંગે શહેરનાં સ્થાપત્યોની મુલાકાતે પણ લઈ જવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંપાદિત લોકગીતો નવરાત્રી પર્વમાં સતત છઠ્ઠા વર્ષે ગુજરાતભરમાં ગુંજશે

ગાંધીનગર, તા. ૬

મહાત્મા ગાંધીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'નાં ગૌરવભર્યાં બિરૂદથી નવાજેલા તેવા સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યનાં સંશોધક, સુખ્યાત સ્વાતંત્ર્ય-સેનાની અને મૂલ્ય-નિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્ય પર વિશિષ્ટ અને ગહન સંશોધન કરેલુ. લોકગીતોનો જે વેળા લગભગ નાશ થઈ ચૂક્યો હતો તે વેળા એની શોધમાં નીકળેલા ઝવેરચંદ મેઘાણીએ ગામડાં ખૂંદ્યાં.અહીં-તહીં છિન્નભિન્ન સ્વરૂપે ગીતો મળ્યાં તેના વેરણછેરણ ટુકડાઓના સાંધા જોડવા પ્રયાસ કર્યો. તેનું શુધ્ધ ગેય સ્વરૂપ મેળવ્યું. તેની અંદર જે કાવ્યતત્વ અસલ પડ્યું હોવું જોઈએ તે તપાસવા પોતાની કવિતાની સમજ, તર્કશકિત, કલ્પના અને છેલ્લે પોતાની ચાતુરી પણ વાપરી. એ બધું કરી લીધા પછી બંધાયેલું જે અખંડિત સ્વરૂપ લાધ્યું તેને પોતાના સંગ્રહોમાં મૂક્યું. લોકગીતોનો પહેલો સંગ્રહ ક્ષરઢિયાળી રાત' નામે ૧૯૨૫માં પ્રગટ થયો. ૧૯૪૨માં તેનો ચોથો ભાગ બહાર પડ્યો.

ચાંદો ઊગ્યો ચોકમાં, જોડે રહેજો રાજ, દાદા હો દીકરી, મહેંદી તે વાવી, સવા બશેરનું મારું દાતરડું, સોના વાટકડી રે, આભમાં ઝીણી ઝબૂકે વીજળી, કાન તારી મોરલી, ઝૂલણ મોરલી, મને કેર કાંટો વાગ્યો, જોબનિયું આજ આવ્યું, છલકાતું આવે બેડલું, શેરી વળાવી સજ કરું, હું તો ઢોલે રમુંને હરિ સાંભરે, શરદપૂનમની રાતડી રંગ ડોલરિયો, વા વાયા ને વાદળ ઊમટ્યાં, ઉભી ઉભી ઉગમણે દરબાર, આવી રૂડી અંજવાળી રાત, માડી બાર બાર વરસે આવિયો, ગામમાં સાસરું ને ગામમાં પી'રિયું, બાર બાર વરસે નવાણ ગળાવ્યાં, ના છડિયાં હથિયાર જેવા આજે પણ લોકમુખે રમતાં ૪૫૦થી વધુ સદાબહાર લોકગીતો-રાસ-ગરબા ક્ષરઢિયાળી રાત'માં છે. લોકગીતો માત્ર શુષ્ક ગ્રામીણ જોડકણાં નથી પણ લોક-આત્માનું અંતરતમ સૌંદર્ય ઝીલનારી કાવ્ય-કૃતિઓ છે. લોકગીતો જનતાના આત્માનાં સૌંદર્ય-ઝરણાં છે' તેમ ઝવેરચંદ મેઘાણી લાગણીસભર કહેતા.

ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'રઢિયાળી રાત'નાં લોકજીવન અને લોકસંસ્કૃતિના અણમોલ મોતી સમા પ્રાચીન લોકગીતો-રાસ-ગરબા, નવરાત્રીનાં પાવન પર્વમાં, સતત છઠા વર્ષે, ગુજરાતભરમાં ગુંજશે. ઝવેરચંદ મેઘાણીના જીવન-કવન સાથે સંકળાયેલાં ઐતિહાસિક સ્થળો ચોટીલા (જન્મભૂમિ) , રાજકોટ (શાળા-શિક્ષણનો પ્રારંભ), અમરેલી (મેટ્રીક), ભાવનગર તથા જૂનાગઢ (કોલેજ-શિક્ષણ) , ધંધુકા (અદાલતમાં સ્વરચિત ગીત ક્ષછેલ્લી પ્રાર્થના' ગાયું ત્યારે મૅજિસ્ટ્રેટ સહિત સહુની આંખો આંસુભીની થઈ ગઈ), રાણપુર (કર્મભૂમિ) , બોટાદ (કર્મ-નિર્વાણભૂમિ), બગસરા (વડવાઓનું વતન) ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર-અડાલજ, સુરત, વડોદરા, ભરૂચ, જામનગર, પોરબંદર, સુરેન્દ્રનગર, લિંબડી, રાપર-કચ્છ ખાતે 'રઢિયાળી રાત' પર આધારિત વિશેષ કાર્યક્રમો યોજાશે. ગુજરાત સરકારનાં પોલીસ અને જનતા વચ્ચે સમન્વયનાં પ્રેરક કાર્યક્રમ સુરક્ષા સેતુ સોસાયટીનાં સૌજન્યથી રાજકોટ, ચોટીલા, સુરેન્દ્રનગર ખાતે ખાસ બાળકો માટે 'રઢિયાળી રાત' કાર્યક્રમનું આયોજન થયું છે. આપણી સંસ્કૃતિ અને સાહિત્યની મૂલ્યવાન વિરાસતથી નવી પેઢી પરિચિત અને પ્રેરિત થાય તથા નવરાત્રીનાં અસલ સાત્વિક સ્વરૂપને જાણી ને માણી શકે તે માટે ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી પ્રેરિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન સવિશેષ પ્રયત્નશીલ છે. પ્રાધ્યાપક રહી ચૂકેલા પિનાકીભાઈનાં માતા કુસુમબેન નાનકભાઈ મેઘાણી, ૭૬ વર્ષની ઉંમરે પણ, સક્રિય રસ લે છે. 'રઢિયાળી રાત' આધારિત પ્રેરક કાર્યક્રમોનું ગુજરાતભરની શાળા-કોલેજમાં આયોજન થાય તેવી નમ્ર અપીલ પિનાકી મેઘાણીએ કરી છે.

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા ગ્રામ જીવન પદયાત્રાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૬

મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય - ગૂજરાત વિદ્યાપીઠ, દ્વારા પાંચ દિવસની ગાંધી ગ્રામ જીવન પદયાત્રાનું આયોજન તા.૨૮/૦૯/૨૦૧૫ થી ૦૨/૧૦/૨૦૧૫ સુધી સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં કરવામાં આવ્યુ જેમાં મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયની ૧૬ ટુકડીઓએ ચોટીલા અને સાયલા તાલુકાના ૬૪ ગામોમાં જઈ વ્યસન મુક્તિ , સ્વચ્છતા , સાક્ષરતા અને શિક્ષણ જેવા વિષયો પર લોક જનજાગૃત્તિના વિવિધ કાર્યક્રમો જેવા કે શેરી નાટકો , પોસ્ટર નિદર્શન , લોક સંપર્ક, સુત્ર લેખન , પ્રભાત ફેરી અને રમત ગમતના કાર્યક્રમો કર્યા જેના પૂર્વ આયોજનમાં મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ , શ્રી રમેશભાઈ પટેલ , ડૉ. જગદીશચંદ્ર સાવલીયા અને ડૉ. જગદીશચંદ્ર ગોઠીએ સુરેન્દ્રનગર જીલ્લાના જીલ્લા વિકાસ અધિકારીને મળી સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન ગોઠવ્યું આ પદયાત્રાના આયોજનમાં સંસ્થાના સંયોજક ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા , સુરેન્દ્રનગરના જીલ્લા વિકાસ અધિકારી, સુરેન્દ્રનગરના જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, શાળા જૂથના બી. આર. સી. અને સી. આર. સી., શાળાના આચાર્યશ્રી , ગામના સરપંચશ્રી, અને શાળાના શિક્ષકશ્રીઓ અને સૌથી વધારે પ્રશંસનીય અને અમૂલ્ય ફાળો મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના વિદ્યાથીઓનો રહ્યો હતો

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧
પુલી (હિન્દી)
૯.૧૦, ૧૨.૨૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
બાંકે કી કેઝી બારાત
૬.૩૦, ૯.૩૦
સ્ક્રીન-૨
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૧૫, ૧.૧૫, ૪.૨૦,૭.૨૫, ૧૦.૩૦
સ્ક્રીન-૩
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૧૫, ૯.૫૦
તલવાર
૧.૧૫, ૭.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૪.૦૫
સ્ક્રીન-૪
સિંઘ ઈઝ બ્લિંગ
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૯.૨૦
પુલી (હિન્દી)
૬.૧૦

સિટી પલ્સ

સ્ક્રીન-૧
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨
તલવાર
૭.૦૦
પુલી (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
સ્ક્રીન-૩
ધ માર્ટીયન (ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૧૫
ધ માર્ટીયન (ડી હિન્દી)
૪.૧૫, ૧૦.૦૦
સ્ક્રીન-૪
પુલી (હિન્દી)
૧૦.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૧૨.૪૫
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
પુલી (તમિલ)
૭.૦૦
સ્ક્રીન-૫
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૦૦
તલવાર
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

આકાશવાણી, હિંમતનગરની શ્રેણીમાં ડૉ. કેશુભાઈ દેસાઈની મુલાકાત

ગાંધીનગર, તા. ૬

આકાશવાણી, હિંમતનગર દ્વારા તરુણ શુકલ નિર્મિત અને ગાંધીનગરના નાટ્યકાર ભીખુ કવિ લિખિત 'સાબરધારા' ધારાવાહિક શ્રેણી અંતર્ગત 'સાબરનાં સાહિત્યરત્નો' વિભાગમાં ડૉ. ભગવાનદાસ પટેલ અને ગાંધીનગરના રહેવાસી ખ્યાત સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈની મુલાકાત રેકોર્ડ કરવામાં આવી છે, જેનું પ્રસારણ આકાશવાણી, હિંમતનગરની ઍફઍમ ચૅનલ પરથી કરવામાં આવશે.

કેઍસવીના આસી. લાઈબ્રેરીયન મહેન્દ્ર પટેલે રીસર્ચ પેપર રજૂ કર્યું

ગાંધીનગર, તા. ૬

સી.યુ. શાહ યુનિવ'સટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા સુરેન્દ્રનગર ખાતે તા. ૩૦ ઓકટોબર ૨૦૧૫ના રોજ 'નેકસ્ટ જનરેશન લાઈબ્રેરીયનશીપ' વિષય ઉપર રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અધિવેશનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના આસીસ્ટન્ટ લાઈબ્રેરીયન મહેન્દ્ર પટેલ દ્વારા કાલુપુર બેન્ક ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માકયુટીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કોલેજ, ગાંધીનગરમાં અભ્યાસ કરતાં ફાર્મ ડી. ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા ઈ-રીર્સોસીસના ઉપયોગ વિષય ઉપર રીસર્ચ પેપર રજૂ કરવામાં આવ્યું હતું. જે બદલ યુનિવર્સિટીના તમામ પ્રાધ્યાપકગણે તેમને અભિનંદન પાઠવ્યા હતાં.

જૈન સોશ્યલ ગ્રૂપ દ્વારા જૈન સમાજનાં તપસ્વીઓનું બહુમાન

ગાંધીનગર, તા. ૬

જૈન સોશ્યલ ગ્રૂપ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૦ ઑક્ટોબરના રોજ સાંજે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે ગાંધીનગર સમસ્ત જૈન સમાજના તપસ્વીઓ તથા ગ્રૂપના તેજસ્વી બાળકોના બહુમાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

સૅક્રેટરી આશાબેન સરવૈયાએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કાર્યક્રમમાં ગ્રૂપ દ્વારા તાજેતરમાં તૈયાર કરેલ 'મૅમ્બર્સ ડિરેક્ટરી-૨૦૧૫'નું વિમોચન ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાના હસ્તે કરવામાં આવશે. સમારોહના મુખ્ય મહેમાન તરીકે કમલકિશોર જૈન ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ બાદ બિરેન પુરોહિત અને કલાવૃંદ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. જૈન સોશ્યલ ગ્રૂપના સર્વ સભ્યોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે ઈજન પાઠવ્યું છે.

વિદ્યાર્થીઓ મિકેનીકલ તથા ઈલેક્ટ્રીકલ વિભાગની મુલાકાતે

ગાંધીનગર, તા. ૬

શ્રીમતી આર ઍન પ્રાયમરી સ્કૂલના ધોરણ-૮ના ૨૦૦ વિદ્યાર્થીઓ તથા પાંચ શિક્ષકો દ્વારા સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, સૅક્ટર-૧૨ ખાતે મિકેનીકલ તથા ઈલેક્ટ્રીકલ વિભાગની મુલાકાત લીધી હતી તથા આ કાર્ય માટે ઉપયોગમાં લેવાતાં સાધનોની વિગતે માહિતી મેળવી હતી. સાધનોના પ્રાયોગિક કાર્યને પણ વિદ્યાર્થીઓએ નિહાળ્યું હતું અને તેમના વિશે ઉંડાણપૂર્વક સમજ પ્રાપ્ત કરી હતી.

દરેક વ્યક્તિના જીવનમાં કોઈક તો રોલ મૉડેલ હોવો જ જોઈએ

દરેક વ્યક્તિ જીવનમાં કોઈકને આદર્શ બનાવીને જીવન જીવતા હોય છે. અને જેમણે આદર્શ વ્યક્તિ શોધ્યા નથી એટલે કે રોલ મૉડેલ બનાવ્યા જ નથી તેમને કહેવામાં આવે કે સફળ વ્યક્તિની યાદી બનાવવાની છે તો એ દરેક ક્ષેત્રના વિખ્યાત અને મહાન વ્યક્તિઓનાં નામ ટાંકવાનું શરૂ કરી દેશે. એક રીતે એ પણ યોગ્ય છે. મહાન વિભૂતિઓમાંથી જો તમે પ્રેરણા લઈને સફળતાની સીડીઓ ચડવા માટે પ્રયત્ન કરી રહ્યા હોવ તો જીવનમાં સફળ થવા માટે તે એક વિકલ્પ સચોટ ગણાય.

હું તો એમ કહું છું કે દરેક વ્યક્તિ આદર્શ છે. દરેક વ્યક્તિમાં બીજાના રોલ મૉડેલ બનવાની શક્તિ છુપાયેલી જ હોય છે. જરૂર છે સાચા સમયે પોતાના કૌશલ્યના સાચા ઉપયોગથી કંઈક કરી દેખાડવાની, આળસની ઉંઘમાંથી જાગીને પોતાનાં સ્વપ્નોને સાચાં કરવા માટે સાચી દિશામાં જબરદસ્ત મહેનત કરવાની.

આ માટે સમયે સમયે પોતાને વિશ્વાસ અપાવતા રહો કે હું જે ધારૂં છું તે કરીને જંપીશ.

તમે ખુદને ક્યાં જુઓ છો? કોઈ નાનાં બાળકોને પણ જ્યારે પૂછવામાં આવે કે મોટા થઈને તારે શું બનવું છે તો તેમના દિમાગમાં કંઈક ને કંઈક બનવાની આશા તો હશે જ. બાળપણથી જ દરેક વ્યક્તિના મનમાં કંઈક ને કંઈક બનવાનું સ્વપ્ન આકાર લેતું હોય છે. વિદ્યાર્થી અને પ્રૉફેશનલ વ્યક્તિએ પણ કારકિર્દી માટે એ નિર્ણય લેવાનો રહે છે કે તમે પોતાને કયા ક્ષેત્રમાં અને કયા હોદ્દા પર ભવિષ્યમાં જોવાનું સ્વપ્ન સેવ્યું છે?

મહાન વિચારક લાઓ ત્સુએ કહ્યું છે, 'હજારો કિલોમીટરની યાત્રા એક નાનાકડા કદમથી જ શરૂ થાય છે.' નક્કી કરેલા ક્ષેત્રમાં આગળ વધવા ડગ ભરો. તમે પણ તમારા રોલ મૉડેલના વિચારોને અપનાવી એમણે કરેલી અથાગ મહેનતથી પ્રેરણા લઈ તમે પણ તમારું લક્ષ્ય નક્કી કરો અને એને પામવા માટે જરૂરી પગલાં માંડો.

તમને કદાચ જાણીને આશ્ચર્ય થશે પણ હકીકત છે કે કર્નલ સૅન્ડર્સે પોતાનાં માતુશ્રીને રોલ મૉડેલ બનાવીને પોતાની આયુના ૬૫ વર્ષે પોતાનાં માતુશ્રી બનાવે એ રીતે રસોઈ તૈયાર કરવાનું શીખવાનો આરંભ કર્યો હતો.

એટલું જ નહીં, પરંતુ તૈયાર કરેલી આ વાનગીઓ વેચવા માટે જીવ રેડીને મહેનત પણ કરી. જીવનભર જે પ્રિય ભોજન પોતે ખાધું હતું એવું જ ભોજન બનાવીને દુનિયાને ચખાડ્યું અને પછી દુનિયાને એક નવી જ રેસ્ટોરાંની ભેટ પણ આપી, જેની ચેઇન ઍફસીએ નામથી દુનિયાભરમાં પ્રસિદ્ધ છે.

જ્યારે વ્યક્તિ ટૉપ પર પહોંચે છે ત્યારે તે અન્ય ઘણી બધી વ્યક્તિઓનો આદર્શ બને છે જે એ જ ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રયત્નશીલ હોય, એ ક્ષેત્રમાં શિક્ષણ મેળવી રહ્યા હોય અથવા ભવિષ્ય બનાવવા માટે ઈચ્છુક હોય.

અને હા, યાદ રાખવા જેવું એ છે કે દરેક સફળ વ્યક્તિ કોઈ અલગ કામ કરતા નથી, એ દરેક કામ અલગ રીતે કરતા હોય છે.



લિયોનાર્દો દ વિન્ચી અને પિકાસોનું નામ સાંભળતાં જ આપણને પહેલો વિચાર ચિત્રકળાનો આવે. તો વળી બ્રાયન લારા અને સચિનનું નામ પડતાં ક્રિકેટ, આર્યભટ્ટ અને અબ્દુલકલામ એટલે વિજ્ઞાન અને અમિતાભ બચ્ચનનું નામ સાંભળતાં એમની અઢળક ફિલ્મોનાં નામ મગજમાં દોડવા માંડે.

આવું શા માટે? આસાન ઉત્તર એ છે કે આ બધા જ લોકો પોતપોતાના ક્ષેત્રમાં ટોચ ઉપર છે, જેના આધારે જ તેઓ વિશ્વભરમાં જાણીતા બન્યા છે.

એટલે જ વ્યક્તિએ પોતાના જીવનમાં કોઈ ને કોઈ આદર્શ રાખવો જ જોઈએ. ભલેને તે પછી માનવ નહીં ને પ્રાણી કે પક્ષી હોય. ઈતિહાસમાં નજર કરીએ તો શ્રીરામ માટે તેમના પિતા દશરથ આદર્શ હતા, સ્વામી વિવેકાનંદ માટે તેમના ગુરૂ રામકૃષ્ણ પરમહંસ આદર્શ હતા, જેમના વિચારથી તેઓ તેમના ક્ષેત્રમાં આગળ વધ્યા હતા.

અંતે એ પણ કે જીવનમાં રોલ મૉડેલ બનાવ્યા પછી પણ એ મુજબની મહેનત ન કરો તો કશું જ કામનું નહીં.

શબ્દકોષ સાથે લઈને ફરવાથી જેમ શબ્દજ્ઞાન પ્રાપ્ત નથી થતું તેમ પરીશ્રમ વગર કોઈપણ ક્ષમતા કેળવી શકાતી નથી. વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિક લોકો માટે ઘણા બધા વિષયો સહેલા હોય છે અને ઘણા વિષયો અઘરા પણ. એ અઘરા લાગતા પ્રશ્નને જ્યારે તમે 'આ તો સાવ સહેલા છે' કહીને હસી કાઢવાની ક્ષમતા કેળવી લો ત્યારે જાણશો કે તમે ઊંચાઈઓ આત્મસાત કરી લીધી છે, સફળતા પામી લીધી છે.

- હાર્દિક જે સોરઠિયા